©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 08th JUNE, 2026/JYAISTHA 18, 1948 [No. 4157

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
(જુઓ નિયમ ૨૬ (૯))
નગર રચના યોજના નં.૧૪૫(કલાણા-શિયાવાડા)
પ્રારંભિક યોજના

નં. નરયો/નં. ૧૪૫(કલાણા-શિયાવાડા)/પ્રારંભિક યોજના/૫૧૧૬.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ (૧)ની જોગવાઈઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર મેં તા. ૨૯-૦૫-૨૦૨૬ના શુક્રવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-"ઠ" ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીનમાલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નક્શાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૯-૦૫-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૧
અમદાવાદ

કચેરીનું સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી, નગર નિયોજક-૨,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ.
ઑફિસ નં.૪૦૬, ૪૦૭, ૪૦૯, ૪૧૪, ૪૧૭ ચોથો માળ,
એ.એમ.સી. મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા પોસ્ટ ઑફિસની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.10 13:30:39 IST